## નયારા એનર્જીએ દેવભૂમિ દ્વારકાના ગામોમાં આરોગ્યસેવાઓને વધારી વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરી

### સમર્પિત આરોગ્ય સંભાળની પહેલ દ્વારા સમાજના ૬૦,૦૦૦ લોકોને લાભ પહોંચાડવાનું લક્ષ્ય

**વાડીનાર, તા.૧૨ એપ્રિલ, ૨૦૨૧ :** આંતરરાષ્ટ્રીય સ્તરની ડાઉનસ્ટ્રીમ કંપની નયારા એનર્જીએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનારમાં સમાજ માટેની આરોગ્ય સુવિધાઓમાં વૃધ્ધિ કરી વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરી હતી, જેમાં કંપનીએ એક મોબાઈલ હેલ્થ વાનનો પ્રારંભ કર્યો હતો, જે ૧૦ ગામોના ૨૦,૦૦૦થી વધુ લોકોને સેવાઓ પ્રદાન કરશે. આ ઉપરાંત કંપનીએ એલોપેથિક દવાખાનાનું નવીનીકરણ કર્યું છે. આ નવી સુવિધાઓને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. નરેન્દ્રકુમાર મીનાએ જિલ્લા વહિવટીતંત્ર, આરોગ્ય વિભાગના અધિકારીગણ, પ્રતિષ્ઠિત મહેમાનો અને નયારા એનર્જીના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં લોકાપર્ણ કરી હતી.

આરોગ્ય સંભાળ સેવાઓની ગંભીરતા અંગે વાત કરતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતું કે "નયારા એનર્જીના સમાજના આરોગ્યને ટેકો આપવાના વર્ષોથી થઈ રહેલા પ્રયત્નો નોંધપાત્ર છે, જેનાથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઘણા ગામોને લાભ થયો છે. આ વિસ્તાર પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતાની અમે પ્રશંસા કરીએ છીએ અને તેમને જાહેર આરોગ્યને મજબૂત કરવાના પ્રયત્નો ચાલું રાખવા પ્રોત્સાહિત કરીએ છીએ. ખાસ કરીને રોગચાળા દરમિયાન સમાજને સુરક્ષિત રાખવા અને તંદુરસ્ત બનાવવા માટે કંપનીના સહયોગનું અમે સ્વાગત કરીએ છીએ."

નયારા એનર્જીના ડીરકેટર અને રિફાઈનરીના હેડ પ્રસાદ પાનીકરે તેમના મંતવ્યમાં જણાવ્યું હતું કે "નયારા એનર્જીના કોમ્યુનિટી હેલ્થ પ્રોગ્રામનો ઉદેશ્ય પ્રાથમિક આરોગ્ય સેવાઓ, રોગ નિદાન સંબંધી સેવાઓ અને ઈમરજન્સી રિસ્પોન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પુરું પાડવાનો છે. વર્ષ ૨૦૦૭થી સમાજ માટે આરોગ્ય કાર્યક્રમો ચાલું રાખ્યા છે, ૧૫ ગામોમાં ખુબજ જરૂરી સુલભતા અને આરોગ્ય કાળજી સેવાઓ વર્ષ દરમિયાન ૬૦,૦૦૦થી વધુ દર્દીઓ સુધી પહોંચે છે. સમાજના આરોગ્ય કાળજી તરફના અમારા તીવ્ર પ્રયત્નોની રચના એવી છે કે તે તકનીકી રીતે અદ્યતન સેવાઓ પ્રદાન કરવામાં રોગ નિવારક અને આરોગ્ય સંભાળ બંનેને સક્ષમ કરે છે.

**સમાજ આરોગ્ય સેવાઓની વિશેષતાઓ**

- ૧૦ ગામોના ૨૦,૦૦૦થી વધુ લોકોને અઠવાડિયામાં બે વખત મોબાઈલ વાન આરોગ્ય સંભાળની સેવાઓ પ્રદાન કરે છે.
- જાખર, વાડીનાર, ભરાણા અને કાઠી દેવરિયા એમ ૪ ગામોના ૧૬,૦૦૦થી વધુ લોકોને દૈનિક ધોરણે એમબીબીએસ તબીબોની સુવિધાઓ મળે છે.
- વાડીનારમાં એલોપેથિક દવાખાનાના નવનિર્માણથી આરોગ્ય સેવાનું માળખું સારું બન્યું–૯૦૦૦થી વધુ લોકોને લાભ.
- હાથને સ્વચ્છ કરવાના સ્થળોની સુવિધા.
- સુધારેલી નિદાન સેવા પ્રદાન કરતું આરોગ્ય કિઓસ્કનું પ્રદર્શન

***

**નયારા એનર્જી વિશે :**

નયારા એનર્જી એ આંતરરાષ્ટ્રીય સ્તરની એક નવા યુગની ડાઉનસ્ટ્રીમ અને પેટ્રોકેમિકલ્સ કંપની છે જે રિફાઈનીંગથી લઈ રિટેઈલ સુધીની હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં મજબૂત હાજરી ધરાવે છે. ઓગસ્ટ ૨૦૧૭માં આ ભારતીય કંપની રોઝનેફ્ટ ઓઈલ કંપની સહિતના આંતરરાષ્ટ્રીય રોકાણકારો દ્વારા હસ્તગત કરવામાં આવી હતી અને વૈશ્વિક કોમોડિટી ટ્રેડીંગ કંપની ટ્રાફીગુરા અને યુસીપી ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપે સમાવેશ કરેલું રોકાણ કન્સોર્ટિયમ હતું. કંપની હાલમાં ગુજરાતના વાડીનારમાં વાર્ષિક ૨૦ મિલિયન મે. ટનની ક્ષમતા સાથે ભારતની બીજી સૌથી મોટી સિંગલ–સાઈટ રિફાઈનરી ધરાવે છે અને સંચાલન કરે છે. રિફાઈનરી એ વિશ્વની સૌથી આધુનિક રિફાઈનરીઓમાંની એક છે, જેમાં ૧૧.૮ની ઉચ્ચ નેલ્સન જટિલતા અનુક્રમણિકા છે અને તે બંદર માળખું અને કેપ્ટિવ પાવર પ્લાન્ટ દ્વારા પૂરક છે. નયારા એનર્જીના ફ્યુઅલ રિટેલ નેટવર્કમાં ભારતભરમાં ૬૦૦૦ પ્લસ આઉટલેટસ સામેલ છે અને ઊર્જા ક્ષેત્રમાં સૌથી ઝડપથી વિકસિત ખાનગી રિટેલર છે. નયારા એનર્જી વિશેની વધુ માહિતી www.nayaraenergy.com ઉપર ઉપલબ્ધ છે.

મિડીયા સંપર્કઃ પ્રફુલ્લ ટંકારિયા, 7574817106, prafull.tankaria@nayaraenergy.com